1. માંગનો અર્થ આપી, માંગને અસર કરતાં પરિબળો સમજાવો.

- વસ્તુની માંગ હંમેશાં નિશ્ચિત સ્થળ, સમય અને નિશ્ચિત કિંમત સાથે સંકળાયેલી છે, જેમ કે, 1000 મીટર કાપડની માંગ છે. એમ કહેવાનો કોઈ અર્થ નથી, પરંતુ કાપડનો ભાવ પ્રતિ મીટર રૂ. 45 હોય ત્યારે જૂન માસમાં રાજકોટમાં કાપડની માંગ 1000 મીટર છે, એમ કહેવાથી માંગનો અર્થ સ્પષ્ટ બને છે.વસ્તુની અસરકારક માંગ માટે આ ત્રણેય શરતોનું પાલન જરૂરી છે :
- (1) વસ્તુ મેળવવાની ઈચ્છા, (2) વસ્તુ ખરીદવાની શક્તિ અને (3) વસ્તુ ખરીદવાની તેયારી. જેમ કે, બાળકને આઇસક્રીમ ખાવાની ઇચછા થાય, પરંતુ તેના પાસે પૈસા ન હોય, તો તે આઇસક્રીમ નર્ટી ખરીદી શકે. ધારો કે તેની પાસે પૈસા છે, પરંતુ તે જતા કરવાની બાળકની તૈયારી ન હોય, તો તેની ઇચ્છા માંગમાં પરિણમશે નહી. આમ, કોઈ એક ચોક્કસ સ્થળ, સમય અને કિંમતે ગ્રાહકની વસ્તુ ખરીદવાની ઇછા, શક્તિ અને તૈયારી સાથે વસતુનો જે જથ્થો ખરીદાય તેને ઘરનું માટેની માંગ કહેવામાં આવે છે. માંગને અસર કરતાં પરિબળો : માંગને અસર કરતાં પરિબળો મુખ્યત્વે બે છેઃ 1. વસ્તુની કિંમત અને 2. વરતુની કિંમત સિવાયનાં અન્ય પરિબળો
- 1. વસ્તુની કિંમત : માંગ પર સૌથી વધુ અસર કરનારું અને સૌથી મહત્ત્વનું પરિબળ કિંમત છે, સામાન્ય રીતે જેમ વસ્તુની કિંમત ઘટે છે, તેમ તેની માંગ વધે છે અને વસ્તુની કિંમત વધે છે ત્યારે વસ્તુની માંગ ઘટે છે. આમ, વસ્તુની કિંમત અને વસ્તુની માંગ પરસ્પર વ્યસ્ત સંબંધથી સંકળાયેલાં છે.
- 2. વસ્તુની કિંમત સિવાયનાં અન્ય પરિબળો :
- (i) વ્યક્તિની અભિરુચિ અને પસંદગી : વ્યક્તિની અભિરુચિ અને પસંદગી વસ્તુની માંગને પ્રભાવિત કરે છે. વ્યક્તિની રુચિ, પસંદગી,શોખ વગેરે જે વસ્તુની તરફેણમાં હોય તે વસ્તુની માંગ વધે છે અને જે વસ્તુની વિરુદ્ધમાં હોય તે વસ્તુની માંગ ઘટે છે. જેમ કે, ગ્રાહક સાઇકલને બદલે સ્કૂટરની પસંદગી કરે, તો સ્કૂટરની માંગ ખૂબ વધી જાય છે.
- (ii) ગ્રાહકોની આવક : જો ગ્રાહકોની આવક વધે, તો તેમની ખરીદશક્તિ વધે છે અને વસ્તુની માંગ પણ વધે છે. જો આવકમાં ઘટાડો થશે, તો ખરીદશક્તિ ઘટતાં વસ્તુઓની કુલ માંગ ઘટશે. નિમ્ન ગુણવત્તાવાળી વસ્તુઓ અપવાદ છે. આવક વધતાં આવી વસ્તુઓની માંગ ઘટે છે.
- (iii) અન્ય સંબંધિત વસ્તુઓની કિંમત : દરેક વસ્તુ બીજી વસ્તુ સાથે અવેજી અથવા પૂરકતાના સંબંધથી જોડાયેલી હોય છે. કોઈ વસ્તુ અન્ય વસ્તુ સાથે જો અવેજીના સંબંધથી જોડાયેલી હોય, તો અવેજી વસ્તુની કિંમતમાં થતી વધઘટે તે વસ્તુની માંગને અસર જેમ કે, ચા અને કોફી એકબીજાની અવેજી વસ્તુઓ છે. જો ચાની કિંમત સ્થિર રહે અને કૉફીના ભાવમાં વધારો થાય, તો કૉફીવાપરનાર ગ્રાહકો ચાનો વધુ ઉપયોગ કરે છે. પરિણામે ચાની માંગ વધે છે.કોઈ વસ્તુ અન્ય વસ્તુ સાથે જો પૂરકતાના સંબંધથી જોડાયેલી હોય, તો પૂરક વસ્તુની કિંમતમાં થતી વધઘટ વસ્તુની માંગ પર અસર જેમ કે, મોટરકાર અને પેટ્રોલ એકબીજાની પૂરક વસ્તુઓ છે. જો પેટ્રોલના ભાવમાં મોટો વધારો થાય, તો મોટરકારની માંગ ધટવાનું વલણ ધરાવે છે.
- (iv) ભવિષ્યની કિંમતો અંગેની અટકળો : ભવિષ્યની પરિસ્થિતિ અંગે લોકો સાચી કે ખોટી અટકળો કરે છે. જે વર્તમાન સમયની વસ્તુની માંગમાં મોટા ફેરફારો લાવે છે.કે ભવિષ્યમાં કોઈ વસ્તુના ભાવ વધશે એવી અટકળ ફલાય, તો ગ્રાહકો વર્તમાન સમયમાં વસ્તુની માંગ વધારે છે અને જો વસ્તુના ભાવે ભવિષ્યમાં વધુ ઘટશે એવી અટકળ હોય, તો ગ્રાહકો વર્તમાન સમયમાં વસ્તુની માંગ ઘટાડે છે.


- (V) ગ્રાહકોની સંખ્યા (વસ્તીનું પ્રમાણ) : વસ્તીનું પ્રમાણ પણ વસ્તુને માંગને અસર કરનારું એક અગત્યનું પરિબળ છે. વસ્તી વધવાથી બજારમાં ગ્રાહકોની સંખ્યામાં વધારો થાય તે સહજ છે. પરિણામે વસ્તુની માંગમાં વધારો થાય છે. વસ્તીનું પ્રમાણ ઘટતાં ગ્રાહકોની સંખ્યા ઘટે છે. પરિણામે વસ્તુની માંગમાં ઘટાડો થાય છે.

2. વ્યક્તિગત માંગ અને બજારમાંગની સમજુતી આકૃતિસહ આપો.

- ચોક્કસ સમય દરમિયાન કોઈ એક વ્યક્તિ (ગ્રાહક) કે કુટુંબ દ્વારા બજારમાં જુદી જુદી કિંમતે થતી વસ્તુની માંગ વ્યક્તિગત માંગ છે.
- ચોક્કસ સમય દરમિયાન તમામ વ્યક્તિઓ (ગ્રાહકો) કે કુટુંબો દ્વારા બજારમાં જુદી જુદી કિંમતે થતી વસ્તુની માંગના સરવાળાને બજારમાંગ કહે છે. વ્યક્તિગત માંગ અને બજારમાંગની અનુસૂચિ નીચે પ્રમાણે છે :

| વસ્તુની કિંમત (rsમાં ) | વસ્તુની માંગ (એકમમાં) | | | બજારમાંગ(A B અને Cની માંગનો સરવાળો) (એકમમાં) |
|---|---|---|---|---|
| | ગ્રાહક A | ગ્રાહક B | ગ્રાહક C | |
| 20 | 2 | 4 | 6 | 12 |
| 15 | 4 | 6 | 8 | 18 |
| 10 | 6 | 8 | 10 | 24 |
| 5 | 8 | 10 | 12 | 30 |

- અનુસુચિ મુજબ વ્યક્તિગત માંગરેખા અને બજાર માંગરેખાની આકૃતિ નીચે મુજબ છે.



➢ બધી જ વ્યક્તિગત માંગરેખાઓ ઋણ ઢાળવાળી છે. વ્યક્તિગત માંગરેખાના ઢાળ કરતાં બજાર માંગરેખાનો ઢાળ ઓછો છે.


## 3. માંગના નિયમને અનુસુચિ અને આકૃતિની મદદથી સમજાવો.

➢ જો અન્ય પરિબળો યથાવત્ રહે, તો કોઈ ચોક્કસ સમયગાળા દરમિયાન નીચી કિંમતે ગ્રાહકો દ્વારા ખરીદવામાં આવતો વસ્તુનો જથ્થો વધુ હોય છે. જ્યારે ઊંચી કિંમતે ગ્રાહક દ્વારા ખરીદવામાં આવતો વસ્તુનો જથ્થો ઓછો હોય છે. બીજા શબ્દોમાં, "વસ્તુની કિંમત વધે તો તેની માંગ ઘટે છે અને વસ્તુની કિંમત ઘટે તો તેની માંગ વધે છે." અર્થાત્ ‘‘કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ છે.’’

➢ આ નિયમની સમજૂતી અનુસૂચિ અને માંગરેખા દ્વારા મેળવીશું :

| **ચોખાની કિંમત (કિગ્રાદીઠ) (rsમાં)** | **ચોખાની માંગ (કિગ્રામાં)** |
|---|---|
| 10 | 30 |
| 15 | 25 |
| 20 | 20 |
| 25 | 15 |
| 30 | 10 |

➢ ઉપરની અનૂસૂચિને આલેખ દ્વારા રજૂ કરીશું. OX ધરી પર ચોખાની માંગ અને OY ધરી પર ચોખાની કિગ્રાદીઠ કિંમત દર્શાવી છે.



➢ a, b, c, d, e બિંદુઓ જુદી જુદી કિંમતે ચોખાની માંગ દર્શાવે છે. આ બિંદુઓને જોડતી રેખા ιιι' એ માંગરેખા છે. ι બિંદુ દર્શાવે છે કે રૂ.30ના ભાવે ચોખાની માંગ 10 કિગ્રા છે. કિંમત ઘટીને રૂ.25 થાય, તો બિંદુ 6 મુજબ ચોખાની માંગ વધીને 15 કિગ્રા થાય છે. તે જ રીતે બિંદુ = દર્શાવે છે કે ચોખાની કિંમત ઘટીને રૂ.10 થાય છે ત્યારે ચોખાની માંગ વધીને 30 કિગ્રા થાય છે.

➢ આકૃતિમાં જોઈ શકાય છે કે, માંગરેખા ιιι' ડાબી બાજુના ઉપરના છેડા તરફથી જમણી બાજુના નીચેના છેડા તરફ ઢળતી છે. આને માંગરેખાનો ત્રણ ઢાળ કહે છે. કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ હોવાથી માંગરેખાનો ઢાળ ત્રણ છે. ત્રણે ઢાળ દર્શાવે છે કે જેમ જેમ વસ્તુની કિંમતમાં ઘટાડો થાય છે, તેમ તેમ તેની માંગનું વિસ્તરણ થાય છે.

➢ આમ, માંગનો નિયમ 'વસ્તુની કિંમત અને તેની માંગ વચ્ચેના વ્યસ્ત સંબંધ'ને રજૂ કરે છે, જેને માંગની અનુસૂચિ આંકડાકીય રીતે અને માંગરેખા ભૌમિતિક રીતે સમજાવે છે.

4. માંગની મૂલ્યસાપેક્ષતાનો અર્થ આપી, તેના પ્રકારો આકૃતિ સહિત સમજાવો.


➢ માંગની મૂલ્યસાપેક્ષતા એટલે વસ્તુની કિંમતમાં થતી વધઘટની માંગના જથ્થા પર થતી અસર. તે એકમથી મુક્ત શુદ્ધ આંક છે. તેને સંકેત $e_p$ વડે દર્શાવાય છે.

➢ $e_p$ = વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર/ વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર

➢ માંગની મૂલ્યસાપેક્ષતાના પ્રકાર : વસ્તુની કિંમતમાં ફેરફાર થતા વસ્તુની માંગમાં કયા દરે ફેરફાર થાય છે, તેને આધારે માંગની મૂલ્યસાપેક્ષતાના પાંચ પ્રકાર નીચે મુજબ છે :


1. સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ : જ્યારે વસ્તુની કિંમતમાં અત્યંત નજીવો ફેરફાર (લગભગ શુન્ય જેટલો કે શુન્યથી સહેજ વધારે) થાય અને તેની માંગમાં ખૂબ જ મોટો વધારો કે ઘટાડો થાય ત્યારે તેને સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ કહે છે, જેની મૂલ્યસાપેક્ષતા અનંત તરફ હોય છે. અર્થાત્ $e_p$ --- > TOO

➢ આવા પ્રકારની માંગ વાસ્તવમાં જોવા મળતી નથી, પરંતુ તેનો ખ્યાલ પૂર્ણ હરીફાઈની સમજૂતીમાં ઉપયોગી છે.




- આકૃતિમાં દર્શાવ્યા મુજબ, વસ્તુ Xની કિંમત રૂ.4 છે, ત્યારે તેની માંગ 50 એકમ છે. વસ્તુની કિંમત રૂ. 4 યથાવત્ રહેવા છતાં તેની માંગ 50 એકમથી વધીને 150 એકમ થાય છે. કિંમતમાં બિલકુલ ફેરફાર (શૂન્ય ટકા) થતો નથી, પણ માંગમાં 200 % વધારો થાય છે.
- માંગની મૂલ્યસાપેક્ષતા $( e_p ) = \{200 \%\}/ 0$ --- > 00
- સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગમાં માંગરેખા આડી ધરી(X- અક્ષ)ને સમાંતર હોય છે.

2. સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ : જ્યારે વસ્તુની કિંમતમાં ગમે તેટલો ટકાવારી ફેરફાર થાય પણ તેની માંગમાં બિલકુલ ફેરફાર ના (શૂન્યવત) થતો હોય ત્યારે તેને સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ કે સંપૂર્ણ સ્થિર માંગ કહે છે, જેનું મૂલ્ય 0 હોય છે, અર્થાત $e_p = 0$.




- આકૃતિમાં દર્શાવ્યા મુજબ, વસ્તુ ની કિંમત રૂ. 4 છે, ત્યારે તેની માંગ 50 એકમ છે. વસ્તુની કિંમત 24થી ઘટીને રૂ. 2. થાય છે કે રૂ. 4થી વધીને રૂ. 6 થાય છે, છતાં વસ્તુની માંગ 50 એકમોની સપાટીએ સ્થિર રહે છે. વસ્તુની કિંમતમાં 50 % વધારો કે 50 % ઘટાડો થાય છે છતાં માંગમાં થતો ફેરફાર શૂન્ય ટકા છે.
- માંગની મૂલ્યસાપેક્ષતા $( e_p ) = 0/\{50\%\} = 0$.
- સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગમાં માંગરેખા ઊભી ધરી(Y-અક્ષ)ને સમાંતર હોય છે.


3. એકમ મૂલ્યસાપેક્ષ માંગ : જ્યારે વસ્તુની કિંમતમાં જેટલો ટકાવારી ફેરફાર થાય તેટલો જ ટકાવારી ફેરફાર તેની માંગમાં થાય છે ત્યારે તેને સપ્રમાણ મૂલ્યસાપેક્ષ માંગ કે એકમ મૂલ્યસાપેક્ષ માંગ કહે છે, જેનું મૂલ્ય 1 હોય છે. અર્થાત્ $e_p = 1$.




- આકૃતિમાં દર્શાવ્યા મુજબ, વસ્તુ ઠની કિંમત રૂ. 4થી ઘટીને રૂ. 2 થાય છે, ત્યારે તેની માંગ 50 એકમથી વધીને 75 એકમ થાય છે. કિંમતમાં 50 % ઘટાડો થતાં માંગમાં પણ 50 % વધારો થાય છે.
- માંગની મૂલ્યસાપેક્ષતા (ep) = 50%/50%= 1


: $e_p = 1$. માંગરેખાનો ઢાળ સપ્રમાણ હોય છે.

4. મૂલ્યસાપેક્ષ માંગ : જ્યારે વસ્તુની કિંમતમાં થતા ટકાવારી ફેરફાર કરતાં વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર વધારે હોય ત્યારે તેને મૂલ્યસાપેક્ષ માંગ કહે છે, જેનું મૂલ્ય 1 કરતાં વધુ હોય છે. અર્થાત્ $e_p > 1$.




- સાપેક્ષ માંગ હોય ત્યારે માંગરેખાનો ઢાળ પ્રમાણમાં ઓછો હોય છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ, વસ્તુ ઠની કિંમત રૂ. 6થી ઘટીને 2 થાય છે, ત્યારે તેની માંગ 50 એકમથી વધીને 250 એકમ થાય છે. કિંમતમાં 66 % ઘટાડો થતાં માંગમાં 400 % વધારો થાય છે. માંગરેખાનો ઢાળ પ્રમાણમાં ઓછો હોય છે.

5. મૂલ્યઅનપેક્ષ માંગ : જ્યારે વસ્તુની કિંમતમાં થતા ટકાવારી ફેરફાર કરતાં તેની માંગમાં થતો ટકાવારી ફેરફાર ઓછો કે નજીવો હોય ત્યારે તેને મૂલ્યઅનપેક્ષ માંગ કહે છે, જેનું મૂલ્ય 1 કરતાં ઓછું હોય છે.
અર્થાત્ $e_p < 1$.




- આકૃતિમાં દર્શાવ્યા મુજબ, વસ્તુ ઠની કિંમત રૂ. 6થી ઘટીને રૂ. 2 થાય છે, ત્યારે તેની માંગ 50 એકમથી વધીને 75 એકમ થાય છે. કિંમતમાં 66 % ઘટાડો થતાં માંગમાં 50 % વધારો થાય છે. માંગરેખાનો ઢાળ પ્રમાણમાં વધુ હોય છે.

5. માંગની મૂલ્યસાપેક્ષતા અને માંગની પ્રતિ-મૂલ્યસાપેક્ષતા વચ્ચેનો તફાવત સમજાવો.

| | **માંગની મુલ્યસાપેક્ષતા** | **માંગની પ્રતિમુલ્યસાપેક્ષતા** |
|---|---|---|
| 1 | વસ્તુની કિંમતમાં થતા ટકાવારી ફેરફારને પરિણામે તેની ટકાવારી ફેરફારના માપને માંગની મૂલ્યસાપેક્ષતા કહે છે. | કોઈ અન્ય સંબંધિત વસ્તુની કિંમતમાં થતા ટકાવારી ફેરફારને માપને માંગની પ્રતિમૂલ્યસાપેક્ષતા કહે છે. |
| 2 | માંગની મૂલ્યસાપેક્ષતા =( વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર)/(વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર) | માંગની પ્રતિમૂલ્યસાપેક્ષતા=(A વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર)/(B વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર) |
| 3 | માંગની મૂલ્યસાપેક્ષતા શૂન્ય કે ધન હોય છે. | માંગની પ્રતિમૂલ્યસાપેક્ષતા શુન્ય, ધન કે ઋણ હોય છે. |
| 4 | વસ્તુની કિંમતમાં ફેરફાર થતાં તેની માંગમાં બિલકુલ ફેરફાર ન થાય, તો માંગની | જો બંને વસ્તુઓ એકબીજાથી સ્વતંત્ર હોય, તો માંગની પ્રતિમૂલ્યસાપેક્ષતા શૂન્ય થશે. |

| | | |
|---|---|---|
| | મૂલ્યસાપેક્ષતા શૂન્ય થશે. | |
| 5 | વસ્તુની કિંમતમાં થતાં ફેરફાર કરતાં તેની માંગમાં થતો ફેરફાર વધારે કે ઓછો હોય, તો માંગની મૂલ્યસાપેક્ષતા ધન થશે. | જો બંને વસ્તુઓ એકબીજાની અવેજી વસ્તુઓ હોય તો માંગની પ્રતિમૂલ્યસાપેક્ષતા ધન થશે. |
| 6 | માંગની મૂલ્યસાપેક્ષતા ઋણ હોય છે, પણ સરળતા ખાતર તેને ધન આંકડામાં રજૂ કરવામાં આવે છે. | જો બંને વસ્તુઓ એકબીજાની પૂરક વસ્તુઓ હોય, તો માંગની પ્રતિમૂલ્યસાપેક્ષતા ઋણ થશે. |
| 7 | માંગની મૂલ્યસાપેક્ષતાનો ખ્યાલ વસ્તુની માંગની સંવેદનશીલતા સમજવામાં મદદરૂપ બને છે. | માંગની પ્રતિમૂલ્યસાપેક્ષતાનો ખ્યાલ બે વસ્તુઓ વચ્ચેનો સંબંધ સમજવામાં મદદરૂપ બને છે. |